For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરા જિલ્લામાં સાયબર માફિયા બેફામ, વધુ એક યુવક સાથે ઠગાઈ

OTP આપ્યા વિના પણ મોબાઈલ હેક કરી ખાતામાંથી ૩.૧.૫૨ લાખની છેતરપિંડી

સાયબર ઠગાઈના બનાવો સતત વધી રહ્યા છે, પરંતુ પોલીસના હાથે મોટી સફળતા હાથ લાગતી નથી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરા શહેર અને જિલ્લામાં સાયબર માફિયાઓ જાણે બેફામ બન્યા હોય તેમ ઓનલાઈન છેતરપિંડીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. સામાન્ય નાગરિકોથી લઈને વેપારીઓ અને નોકરીયાત વર્ગ સુધીના લોકો સાયબર ઠગોના નિશાન બની રહ્યા છે. ચિંતાજનક બાબત એ છે કે હવે ભોગ બનનાર વ્યક્તિ કોઈ ઓટીપી કે બેંકિંગ વિગતો શેર ન કરે તો પણ મોબાઈલ હેક કરીને બેંક ખાતાં ખાલી કરવામાં આવી રહ્યાં છે. પોર ગામના 45 વર્ષીય ડ્રાઈવર અમૃતભાઈ દિલીપભાઈ બેહેરેના ખાતામાંથી માત્ર 15 મિનિટમાં રૂ.1.52 લાખ સેરવી લેવાની ઘટના સાયબર ગુનેગારોની વધતી હિંમતનો વધુ એક પુરાવો છે.

અમૃતભાઈ બેંક ઓફ બરોડાની પોર શાખામાં ખાતું ધરાવે છે. ગત 23 ઓક્ટોબરે સાંજે 4થી 4:15 દરમિયાન અજાણ્યા શખસોએ તેમનો મોબાઈલ હેક કરી ત્રણ અલગ-અલગ યુપીઆઈ વ્યવહારો દ્વારા રૂ.75 હજાર, રૂ.73 હજાર અને રૂ.4 હજાર મળી કુલ રૂ.1.52 લાખ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. આશ્ચર્યજનક બાબત એ છે કે તેમણે કોઈની સાથે ઓટીપી કે બેંકની ગુપ્ત માહિતી શેર કરી નહોતી. તેમ છતાં ખાતામાંથી રકમ ઉપડી જતાં તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. આ અંગે 1930 હેલ્પલાઈન પર ફરિયાદ કર્યા બાદ વરણામા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પરંતુ આ એક ઘટના માત્ર નથી. વડોદરા શહેર અને જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી સાયબર છેતરપિંડીના બનાવો સતત સામે આવી રહ્યા છે. ક્યારેક મોબાઈલ હેકિંગ, ક્યારેક નકલી એપ્લિકેશન, તો ક્યારેક રોકાણ અને ડિજિટલ વ્યવહારોના નામે લોકોની જીવનભરની મૂડી સેરવી લેવામાં આવે છે. ફરિયાદો અને ગુનાઓ નોંધાવાની પ્રક્રિયા ચાલુ છે, પરંતુ તેની સામે સાયબર માફિયાઓ સુધી પહોંચવામાં અને ભોગ બનેલા લોકોને ન્યાય અપાવવામાં પોલીસને કેટલી સફળતા મળી રહી છે તે મોટો સવાલ છે.

સાયબર ગુનેગારો નવી નવી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે, જ્યારે સામાન્ય નાગરિકો માટે પોતાની મહેનતની કમાણી બચાવવી મુશ્કેલ બની રહી છે. વારંવાર બનતી આવી ઘટનાઓ વચ્ચે વડોદરા શહેર અને જિલ્લા સાયબર પોલીસની કામગીરી, ગુનાઓ ઉકેલવાની ઝડપ અને નાણાં પરત અપાવવાની કામગીરી સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.

નાગરિકોના મોબાઇલ બન્યા કમાણીનું સાધન

- મોબાઇલ હેકિંગની નવી ટેકનિકથી બેંક ખાતાં પર સીધો હુમલો.
- યુપીઆઈ વ્યવહારો દ્વારા ગણતરીની મિનિટોમાં લાખો રૂપિયા ટ્રાન્સફર કરી લેતા હોય છે. નકલી લિંક, એપ્લિકેશન અને ડિજિટલ પરવાનગીઓનો દુરુપયોગ થાય છે.
- એક જ મોબાઇલમાં બેંકિંગ, વ્યક્તિગત માહિતી અને પાસવર્ડ હોવાથી જોખમ વધ્યું છે. એકવાર મોબાઇલ હેક થયા બાદ ભોગ બનનારને છેતરપિંડીની જાણ થાય ત્યાં સુધીમાં ખાતું ખાલી થઈ જાય છે. સાયબર ઠગો એક રાજ્યમાં બેસીને બીજા રાજ્યના નાગરિકોને નિશાન બનાવી રહ્યા છે.

જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માગણી

નાગરિકોને દંડ ફટકારતી મનપાના જ પરિસરમાં દારૂની બોટલો અને ગંદકી

કમિશનરને સવાલ - ગંદકી માટે જવાબદાર કોણ? બોટલો ક્યાંથી આવી? નિયમો બધાને સરખા કે નહીં ?



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

શહેરમાં સ્વચ્છતાના નામે નાગરિકો અને દુકાનદારો સામે દંડ અને સીલિંગની કાર્યવાહી કરતું વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર હવે પોતાની જ મુખ્ય કચેરીના પરિસરમાં સવાલોના ઘેરામાં આવી ગયું છે.

વડોદરાના એક જાગૃત નાગરિકે સેવા સદન પરિસરના ગાર્ડન અને આસપાસના વિસ્તારનો રાત્રી દરમિયાનનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે. વીડિયોમાં ગંદકીની સાથે વિદેશી દારૂની ખાલી બોટલો અને રોલિંગ પેપરના પેકેટ પડ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વીડિયો વાયરલ થતા જ આ મામલો ગરમાયો છે. ક્રાંતિવીર એસપી નામના આઈડી પર પોસ્ટ કરેલા વીડિયોમાં નાગરિકે દાવો કર્યો છે કે પરિસરમાં રોયલ સ્ટેગ, રોયલ ચેલેન્જ, મેજિક મોમેન્ટ જેવી દારૂની ખાલી બોટલો જોવા મળી છે. દારૂબંધીવાળા ગુજરાતમાં સરકારી કચેરીના પરિસરમાં દારૂની બોટલો કેવી રીતે પહોંચી, તેની તપાસ કોણ કરશે, તેવો સવાલ ઉઠાવવામાં આવ્યો છે. નાગરિકે મનપા કમિશનર અરુણ મહેશ બાબુને સંબોધીને ત્રણ સવાલ પૂછ્યા છે. જો દુકાનદાર પોતાના પરિસરની ગંદકી માટે જવાબદાર હોય, તો મનપાના પરિસરની ગંદકી માટે જવાબદાર કોણ? દારૂની બોટલો ક્યાંથી આવી અને તેની તપાસ કોણ કરશે? સામાન્ય નાગરિકને દંડ કરવાના નિયમો મનપા અને જવાબદાર અધિકારીઓને પણ લાગુ પડે છે કે નહીં? નાગરિકે કાયદાના નિષ્પક્ષ અમલ પર ભાર મૂકતા માંગ કરી છે કે, જો સામાન્ય નાગરિકને દંડ થતો હોય તો તંત્રના પરિસરમાં ગંદકી અને નિયમભંગના મામલે જવાબદાર અધિકારીઓ સામે પણ કાર્યવાહી થવી જોઈએ.

મોટર વાહન નિયમોમાં સુધારો

ગાડી પર જાતિનું સ્ટીકર લગાવ્યું તો થશે કાર્યવાહી

ટુ-વ્હીલરથી લઈ બસ-ટ્રક સુધીના તમામ ખાનગી વાહનોને નવો નિયમ લાગુ,નંબર પ્લેટ કે કાચ પર પણ ચિહ્ન નહીં ચાલે

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

રાજ્યમાં ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો, ચિહ્નો અને લખાણ પ્રદર્શિત કરવા પર રાજ્ય સરકારે પ્રતિબંધ મૂક્યો છે. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા ગુજરાત મોટર વાહન (ત્રીજો સુધારો) નિયમો, 2026 જાહેર કરીને ગુજરાત મોટર વાહન નિયમો, 1989માં સુધારો કરવામાં આવ્યો છે.

સુધારા હેઠળ નિયમ 125માં No advertising device, figure શબ્દોની જગ્યાએ No advertising device, caste signage, figure શબ્દો ઉમેરવામાં આવ્યા છે. ઉપરાંત નિયમ 138માં નવો પેટા નિયમ (3) ઉમેરવામાં આવ્યો છે, જેનાથી અમલીકરણ તંત્રને જાતિ દર્શાવતા લખાણ કે ચિહ્નો સામે સ્પષ્ટ કાયદેસરની કાર્યવાહી કરવાની સત્તા મળી છે. આ નવો નિયમ ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, કાર, અન્ય ફોર-વ્હીલર તેમજ ખાનગી બસ અને ટ્રક સહિતના તમામ ખાનગી વાહનોને લાગુ પડશે. વાહનની નંબર પ્લેટ, વિન્ડશિલ્ડ એટલે કે કાચ અથવા વાહનના શરીરના કોઈપણ ભાગ પર જાતિસૂચક સ્ટીકર, શબ્દો કે ચિહ્નો લગાવી શકાશે નહીં. રાજ્ય સરકારના સામાન્ય કે વિશેષ આદેશ સિવાય અન્ય કોઈ અપવાદ રહેશે નહીં. આ સુધારા નિયમોનો મુસદ્દો તા.11 જૂન, 2026ના રોજ ગુજરાત સરકારના અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધ કરી લોકો પાસેથી વાંધા-સૂચનો મંગાવવા 30 દિવસની મુદત આપવામાં આવી હતી. નિર્ધારિત સમયગાળા દરમિયાન કોઈ વાંધા કે સૂચનો ન આવતા સરકારે આ નિયમોને આખરી સ્વરૂપ આપી જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

દહેજની માગણીથી પરિણીતા પર ત્રાસ, ૧૮૧ની મદદથી સમાધાન

(પ્રતિનિધિ) વડોદરા તા.20

ડેસર તાલુકાના એક ગામમાં દહેજની માગણીને લઈને પરિણીતાને માનસિક ત્રાસ આપવાનો કિસ્સો સામે આવ્યો છે. લગ્નના બે વર્ષ બાદ છેલ્લા છ મહિનાથી પતિએ કામધંધો બંધ કરી દહેજની માગણી શરૂ કરી હતી. 'તારા પિતાએ લગ્નમાં કંઈ આપ્યું નથી' કહી વારંવાર ઝઘડો કરી છૂટાછેડા આપી ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપતો હતો. પતિના ત્રાસથી કંટાળેલી દોઢ વર્ષના બાળકની માતાએ 181 અભયમની મદદ માગી હતી.

181ની ટીમે પરિણીતાનું કાઉન્સેલિંગ કરી પતિનો સંપર્ક સાધ્યો હતો. બંનેને સમજાવતાં દહેજ માગવું કાયદેસર ગુનો હોવાનું જણાવ્યું હતું. જેથી પતિએ પોતાની ભૂલ સ્વીકારી માફી માગી હતી અને ફરીથી હેરાન નહીં કરવાની ખાતરી આપી હતી. પરિણીતા અને પતિ વચ્ચે સમજાવટ બાદ સમાધાન કરાવવામાં આવ્યું હતું.

મુખ્ય જંકશનો પર 30 મીટરના વિસ્તારમાં લારી-ગલ્લા હટાવાશે

શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા મનપાનું મેગા એક્શન પ્લાન, દબાણો દૂર કરાશે

ઓડ-ઇવન પાર્કિંગ નીતિ અમલી બનાવવાની તૈયારી

સ્ટ્રીટ વેન્ડર્સનો નવેસરથી સર્વે થશે, હોકિંગ અને નોન-હોકિંગ ઝોન પણ નક્કી કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરા શહેરમાં વકરતી ટ્રાફિક સમસ્યાના નિરાકરણ, પાર્કિંગની સુવિધામાં વધારો અને સ્ટ્રીટ વેન્ડર્સની વ્યવસ્થિત ગોઠવણી માટે મહાનગરપાલિકાએ કવાયત તેજ કરી છે. આ મુદ્દે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (વહીવટ)ના અધ્યક્ષસ્થાને સંયુક્ત રિવ્યુ બેઠક યોજાઈ હતી. જેમાં મનપા ઉપરાંત પોલીસ, એમજીવીસીએલ અને આરટીઓ સહિતના વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં શહેરના ટ્રાફિકને સુચારૂ બનાવવા અને જાહેર માર્ગો પરથી દબાણો દૂર કરવા અનેક મહત્વપૂર્ણ સૂચનાઓ આપવામાં આવી હતી.

શહેરના જાહેર રસ્તાઓ અને ફૂટપાથ પરના દબાણો વોર્ડ કક્ષાએથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવા જણાવાયું છે. ખાસ કરીને શહેરના તમામ મુખ્ય જંકશનોની આસપાસ 30 મીટરના વિસ્તારમાં આવેલા લારી-ગલ્લા સહિતનાં દબાણો ઝડપથી હટાવવા સૂચના અપાઈ છે. મનપા અને વિવિધ ટીપી સ્કીમના પ્લોટ પરનાં દબાણો દૂર કરી પ્લોટની વિગતો દર્શાવતાં બોર્ડ લગાવવાની કામગીરી પણ કરવામાં આવશે. રોડ અને પાલિકાના પ્લોટમાં લાંબા સમયથી બિનવારસી કે બંધ હાલતમાં પડેલાં વાહનોનું ટોઈંગ પણ ઝડપી બનાવાશે.

પાર્કિંગની સમસ્યા હળવી કરવા ઓડ-ઈવન પાર્કિંગ નીતિ નક્કી કરવાની દિશામાં પણ વિચારણા કરવામાં આવી છે. જરૂરિયાત મુજબના વિસ્તારોમાં નો-પાર્કિંગ ઝોન જાહેર કરી સાઇનબોર્ડ લગાવાશે. કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને ઇમારતોમાં મંજૂર પાર્કિંગની જગ્યાનો અન્ય ઉપયોગ ન થાય અને વાહનો માટે જગ્યા ખુલ્લી રહે તે માટે પાર્કિંગના એરો બોર્ડ લગાવવાની સૂચના આપવામાં આવી છે.

સ્ટ્રીટ વેન્ડર્સની વ્યવસ્થિત ગોઠવણી માટે શહેરના તમામ વોર્ડમાં નવેસરથી સર્વે કરાશે. એકપણ લારીધારક સર્વેમાંથી બાકાત ન રહે તે માટે વોર્ડ કક્ષાએ આયોજન કરાશે. સર્વે બાદ હોકિંગ અને નોન-હોકિંગ ઝોન નવેસરથી નક્કી કરી ટ્રાફિક અને જાહેર માર્ગોની સમસ્યાઓ ઉકેલવા સંકલિત કામગીરી હાથ ધરાશે.

પથ્થરગેટ સાયકલ બજારમાં ગંદકી ફેલાવતી બે દુકાનો સીલ

ઉત્તર ઝોનના વોર્ડ નં. ૧૩માં વિશેષ ઝુંબેશ, ૧૭ એકમોને નોટિસ અને ૩૯ હજારનો દંડ વસૂલાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરમાં સ્વચ્છતા જાળવવા અને જાહેર માર્ગો પર ગંદકી ફેલાવતા એકમો સામે કડક પગલાં ભરવા માટે વડોદરા મહાનગરપાલિકાની ટીમ દ્વારા ગુરુવાર રાત્રી દરમિયાન વિશેષ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી હેઠળ ઉત્તર ઝોનની ટીમે પથ્થરગેટ વિસ્તારમાં આવેલા સાયકલ બજાર નજીક તપાસ દરમિયાન સફાઈના નિયમોનો ભંગ કરી ગંદકી ફેલાવતી બે દુકાનોને સીલ મારી દીધી છે.

તપાસ દરમિયાન એવી વિગતો સામે આવી હતી કે સંબંધિત દુકાનોમાંથી કચરો અને થર્મોકોલ જેવો કચરો જાહેરમાં ફેંકવામાં આવી રહ્યો હતો, જેના કારણે સ્વચ્છતાના નિયમોનો સીધો ભંગ થતો હતો. તંત્ર દ્વારા સીલ કરાયેલી દુકાનોમાં વીઆર લાઈટ અને રાલસન ટાયર નામની દુકાનોનો સમાવેશ થાય છે. જાહેર સ્થળોએ ગંદકી કરનાર વેપારીઓ સામે મહાનગરપાલિકાએ સીલ મારવાની કડક કાર્યવાહી કરતા આસ પાસના અન્ય વેપારીઓ અને દુકાનદારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ઝુંબેશ દરમિયાન ગંદકી બદલ ગુરુવારે રાત્રે બે દુકાનો સીલ કરવા ઉપરાંત કુલ ૧૭ જેટલી નોટિસ પણ ઈશ્યૂ કરવામાં આવી છે. સાથોસાથ નિયમભંગ કરનારા એકમો પાસેથી કુલ ૩૯,૦૦૦ રૂપિયા જેટલી પેનલ્ટી પણ વસૂલ કરવામાં આવી છે. શહેરને સ્વચ્છ અને સુઘડ રાખવા માટે મહાનગરપાલિકાની આ રાત્રી ઝુંબેશ આગામી સમયમાં પણ યથાવત રાખવામાં આવશે તેવું તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

સ્થળ તપાસ નહીં થાય તો ધરણાં અને ઘેરાવની ચીમકી

૧.૩૨ કરોડના તલસટ-ચાપડ રોડમાં કચરો વપરાતો હોવાનો આક્ષેપ, ગ્રામજનોમાં રોષ

સાઈડ સોલ્ડરિંગમાં માટીને બદલે કચરો, સ્થળ પર અધિકારી કે ટીપીઆઈ કર્મચારી હાજર ન હોવાનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

તલસટથી ચાપડ તરફ જતા રોડની કામગીરીમાં કથિત ગેરરીતિ અને બેદરકારીના આક્ષેપો સાથે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જિલ્લા પંચાયત દ્વારા આશરે 1.32 કરોડના ખર્ચે રોડની કામગીરી હાથ ધરવામાં આવી છે, પરંતુ રોડના સાઈડ સોલ્ડરિંગમાં માટી કે નિયત મટીરીયલને બદલે કચરાનો ઉપયોગ થતો હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, રોડની બાજુમાં આવેલા ખાડાઓ પૂરવા માટે કચરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કામગીરી દરમિયાન સ્થળ પર કોઈ જવાબદાર અધિકારી કે થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન ટીપીઆઈનો કર્મચારી હાજર રહેતો ન હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. બિનઅનુભવી માણસો અને જેસીબી દ્વારા કામગીરી કરવામાં આવતી હોવાથી રોડની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. આ મામલે સ્થાનિકો અને પૂર્વ સરપંચ સહિતના ગ્રામજનો એકઠા થયા હતા અને કામગીરી સામે વિરોધ નોંધાવ્યો હતો. ગ્રામજનોએ માંગ કરી છે કે સાઈડ સોલ્ડરિંગમાં યોગ્ય માટી અથવા વેટમિક્સ સહિતનું નિયત મટીરીયલ બહારથી લાવીને ઉપયોગમાં લેવામાં આવે અને જવાબદાર અધિકારીઓ સ્થળ પર આવીને કામગીરીની ગુણવત્તાની તપાસ કરે. ગ્રામજનોએ ચીમકી આપી છે કે જો તાત્કાલિક યોગ્ય મટીરીયલનો ઉપયોગ કરીને કામગીરી કરવામાં નહીં આવે અને અધિકારીઓ સ્થળ પર તપાસ નહીં કરે, તો આગામી દિવસોમાં ઘેરાવ, ધરણાં અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ફર્લો રજા પરથી ફરાર આજીવન કેદની સજા પામેલો કેદી ઝડપાયો

સાવલીના મારવાડી ગુતરડી ગામેથી પકડી મધ્યસ્થ જેલમાં સોંપાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરા ગ્રામ્ય જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન પરાક્રમ અંતર્ગત ફર્લો રજા પરથી ફરાર થયેલા આજીવન કેદની સજા પામેલા કેદીને ઝડપી પાડવામાં આવ્યો છે. સાવલી તાલુકાના મારવાડી ગુતરડી ગામેથી કેદીને ઝડપી પાડી ફરી વડોદરા મધ્યસ્થ જેલમાં સોંપવામાં આવ્યો હતો.

ડેસર પોલીસ સ્ટેશનમાં વર્ષ 2022માં નોંધાયેલા પોક્સો સહિતના ગંભીર ગુનામાં વનરાજભાઈ અરમસિંગ પરમાર (રહે. મારવાડી ગુતરડી, તા. સાવલી)ને અદાલતે આજીવન કેદની સજા અને રૂ.1 લાખનો દંડ ફટકાર્યો હતો. વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કેદી નંબર 88500 ધરાવતા વનરાજ પરમારને ગુજરાત હાઈકોર્ટના હુકમથી 14 દિવસની ફર્લો રજા મંજૂર થતાં તા.2 નવેમ્બરે જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. જોકે, તા.17 નવેમ્બરે જેલમાં પરત હાજર થવાનું હોવા છતાં તે હાજર થયો નહોતો અને ફરાર થઈ ગયો હતો. આ અંગે પેરોલ-ફર્લો સ્કવોડે બાતમીદારોને સક્રિય કરી તપાસ હાથ ધરી હતી. પીએસઆઈ એસ.જે. જતની ટીમે ચોક્કસ બાતમીના આધારે મારવાડી ગુતરડી ગામેથી તેને ઝડપી પાડી જેલ હવાલે કર્યો હતો.

લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીએ પહોંચતા સિઝનનો સૌથી ઠંડો દિવસ

વડોદરામાં ઠંડીએ જમાવટ કરી, એક જ દિવસમાં પારો ૪ ડિગ્રી ગગડ્યો

વહેલી સવારે ગરમ વસ્ત્રોનો સહારો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

શહેરમાં ઠંડીનું પ્રમાણ સતત વધી રહ્યું છે અને હવામાનમાં આવેલા પલટા વચ્ચે લઘુત્તમ તાપમાનના પારામાં એક જ દિવસમાં ચાર ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો થતાં પારો ગગડીને 14 ડિગ્રીએ પહોંચી ગયો છે, જેને પગલે શહેરમાં ચાલુ સિઝનનો અત્યાર સુધીનો સૌથી ઠંડો દિવસ અનુભવાયો હતો.

હવામાન વિભાગ મુજબ મહત્તમ તાપમાન 30.2 ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતા 3.3 ડિગ્રી ઓછું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 14.0 ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતા 3.7 ડિગ્રી ઓછું હતું અને છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો ન હતો, જ્યારે સવારે 8.30 વાગ્યે ભેજનું પ્રમાણ 58 ટકા અને સાંજે 5.30 વાગ્યે 31 ટકા રહ્યું હતું. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો વધુ અનુભવાતાં શહેરીજનોને ગરમ વસ્ત્રોનો સહારો લેવાની ફરજ પડી રહી છે અને છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિના તાપમાનમાં વધઘટ જોવા મળી રહી હતી, જોકે અચાનક ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાતાં ઠંડીની અસર વધુ વર્તાઈ રહી છે. વહેલી સવારે ઘરેથી કામધંધા અર્થે નીકળતા નોકરિયાતો, શ્રમિકો, વિદ્યાર્થીઓ તેમજ મોર્નિંગ વોકર્સને ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે, ખાસ કરીને ખુલ્લા વિસ્તારો અને શહેરના બહારના માર્ગો પર ઠંડા પવનોને કારણે ઠંડીનો અહેસાસ વધુ થઈ રહ્યો છે. ઠંડીનું પ્રમાણ વધતાં શહેરના બગીચાઓમાં વહેલી સવારે ચાલવા આવતા લોકો પણ ગરમ વસ્ત્રો પહેરીને નીકળતા જોવા મળી રહ્યા છે, બીજી તરફ ચા, કોફી અને ગરમ નાસ્તાની લારીઓ પર પણ લોકોની ભીડ જોવા મળી રહી છે.

શિયાળાની શરૂઆતમાં જ તાપમાનનો પારો નીચો જતાં આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધુ વધશે કે કેમ તે અંગે લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. રાત્રિના સમયે ઠંડી અને દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે હવામાનમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે અને તાપમાનમાં અચાનક આવેલા ઘટાડાને પગલે ખાસ કરીને બાળકો અને વૃદ્ધોએ સાવચેતી રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે. હવામાન વિભાગની આગામી 7 દિવસની આગાહી મુજબ તા.21મીએ લઘુત્તમ 15 અને મહત્તમ 31 ડિગ્રી સાથે મુખ્યત્વે સ્વચ્છ આકાશ રહેશે, તા.22મીએ લઘુત્તમ 17 અને મહત્તમ 33 ડિગ્રી સાથે મુખ્યત્વે સ્વચ્છ આકાશ રહેશે.

સોનાની ચેઇન પરત મેળવવા પતિને રૂ.૨.૧૭ લાખ ચૂકવવા પડ્યાનો આક્ષેપ

તરસાલીમાં લગ્ન બાદ પતિ સાથે રહેતી મહિલાને અગાઉના લગ્ન અને છૂટાછેડાના મુદ્દે વિવાદ ઊભો કરી ઘરમાંથી કાઢી મુકી

મહિલાનું ગર્ભાશયનું ઓપરેશન થયું હોવા છતાં પતિ ખબર કાઢવા પણ નહીં આવતાં આખરે મહિલાએ પોલીસના દરવાજા ખખડાવ્યા.

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં પતિ અને પુત્રવધૂ દ્વારા શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની ફરિયાદ 50 વર્ષીય મહિલાએ નોંધાવી છે. લગ્ન બાદ પતિ સાથે રહેતી મહિલાને અગાઉના લગ્ન અને છૂટાછેડાના મુદ્દે વિવાદ ઊભો કરી ઘરમાંથી કાઢી મૂકવામાં આવી હોવાનો આક્ષેપ છે. એટલું જ નહીં, મહિલાની સોનાની ચેઇન પણ પતિના પરિવારે પોતાની પાસે રાખી લીધી હતી અને રૂ.2.17 લાખ આપ્યા બાદ પરત કરી હતી. તાજેતરમાં મહિલાનું ગર્ભાશયનું ઓપરેશન થયું હોવા છતાં પતિ ખબર કાઢવા પણ નહીં આવતાં આખરે મહિલાએ પોલીસના દરવાજા ખખડાવ્યા છે.

તરસાલીની રિદ્ધિ-સિદ્ધિ સોસાયટીમાં ભાડાના મકાનમાં એકલી રહેતી ડી. સુનીતા પટનાયક (ઉ.વ.50) સુમનદીપ વિદ્યાપીઠમાં પીએ તરીકે નોકરી કરે છે. મહિલાના જણાવ્યા અનુસાર, માર્ચ 2024માં મેટ્રિમોનિયલ વેબસાઈટ મારફતે સુદર્શન નન્હકુસિંહ સાથે પરિચય થયો હતો. સુદર્શને પોતાની પત્નીનું અવસાન થયું હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો અને 10 નવેમ્બર 2024ના રોજ મકરપુરા વિસ્તારમાં આર્ય સમાજમાં લગ્ન કર્યા હતા. લગ્નની વડોદરા મહાનગરપાલિકામાં નોંધણી પણ કરાવવામાં આવી હતી.

લગ્ન બાદ બંને પરિવાર સાથે પ્રથમ પેરેડાઇઝ, તરસાલી ખાતે રહેતા હતા. જોકે, મહિલાના માતા-પિતાની આંધ્રપ્રદેશમાં આવેલી જમીન વેચીને પુત્ર અને પુત્રવધૂના નામે ફાર્મહાઉસ બનાવવા પતિએ દબાણ કરતાં વિવાદ શરૂ થયો હતો. જમીન વેચવાની ના પાડતાં પતિના વર્તનમાં ફેરફાર થયો હતો. ત્યારબાદ પતિની બંને પુત્રીઓ અને પરિવારના સભ્યોએ અગાઉના લગ્નનો મુદ્દો ઉઠાવી મહિલાને ઘરમાંથી કાઢી મૂકી હતી. મહિલાને પીપરીયા ગામે મજૂરો રહેતા સ્થળે મૂકી આવ્યાનો પણ આક્ષેપ છે.

મહિલાની સોનાની ચેઇન પણ નણંદોએ પોતાની પાસે રાખી લીધી હતી અને પૈસા આપ્યા બાદ પરત કરવાની વાત કરી હતી. બાદમાં પતિને રૂ.2.17 લાખ ચૂકવ્યા પછી ચેઇન પરત મળી હતી. બીજી તરફ, પતિએ ફોન નંબર બ્લોક કરી દેતાં મહિલાનો સંપર્ક પણ તૂટી ગયો હતો. પુત્રવધૂએ મહિલાને અપમાનિત કરી તેમની દીકરી અંગે પણ અભદ્ર ટિપ્પણી કરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

મહિલાએ 181 અભયમની મદદ પણ લીધી હતી, પરંતુ સમાધાન થયું નહોતું. નવેમ્બર 2026માં મહિલાનું ગર્ભાશયનું ઓપરેશન થયું હોવા છતાં પતિ ખબર કાઢવા કે સારસંભાળ લેવા આવ્યો ન હોવાનો આક્ષેપ છે. આખરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં કાઉન્સેલિંગ નિષ્ફળ જતાં મહિલાએ પતિ સુદર્શન નન્હકુસિંહ અને પુત્રવધૂ રીકી સિંહ વિરુદ્ધ શારીરિક તથા માનસિક ત્રાસ આપવાની ફરિયાદ નોંધાવી છે.

ગાજરાવાડીમાં પાણીની લાઈનમાં ભંગાણ, હજારો લીટર પાણીનો વેડફાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના દક્ષિણ વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા વચ્ચે ગાજરાવાડીમાં પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતાં હજારો લીટર પાણીનો વેડફાટ થયો છે. વોર્ડ નંબર 16ની કચેરી પાસે જ મુખ્ય માર્ગ પર પાણી ફરી વળતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં અવારનવાર પાણીની લાઈનમાં ભંગાણ સર્જાય છે. દક્ષિણ વડોદરાના અનેક વિસ્તારોમાં ગંદા અને દુષિત પાણીની સમસ્યા પણ લાંબા સમયથી યથાવત છે. વારંવાર રજૂઆતો છતાં કાયમી ઉકેલ આવ્યો નથી. એક તરફ લોકો શુદ્ધ પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે, તો બીજી તરફ હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે. પાલિકા વેરા વસૂલાત માટે ઝુંબેશ ચલાવે છે, પરંતુ પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં નિષ્ફળ રહેતાં સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. રહીશોએ પાણીની લાઈનના ભંગાણનો કાયમી ઉકેલ લાવવાની માગ કરી છે.

મદન ઝાંપા રોડ પર હનુમાન મંદિર ત્રણ રસ્તા નજીક મારામારી

દ્વારકા પ્રવાસે જતા પરિવાર પર હુમલો ૭૫ વર્ષીય વૃદ્ધા સહિત ૩ ઈજાગ્રસ્ત

અગાઉની અદાવતમાં પરિવારને રોકીને ફટકાથી હુમલો કરાયો, પોલીસ કાર્યવાહી સામે સવાલ



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરના મદન ઝાંપા રોડ પર હનુમાન મંદિર ત્રણ રસ્તા નજીક મારામારીની ઘટનામાં પીડિત પરિવારના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. અગાઉના ઝઘડાની અદાવત રાખીને દ્વારકા પ્રવાસે જઈ રહેલા પરિવાર પર હુમલો કરાયો હોવાનો આક્ષેપ છે, જેમાં 75 વર્ષીય વૃદ્ધા અને શૈલેષભાઈ ખારવા સહિતના સભ્યોને ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી મુજબ, બે દિવસ અગાઉ ગણેશ ચોક, નાની ખારવા વાડ ખાતે નજીવી બાબતે શૈલેષભાઈ અને તેમના પરિવાર સાથે જીતુ ખારવા સહિતના લોકો વચ્ચે તકરાર થઈ હતી, જે અંગે મયુરીબેન ખારવાએ વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ જ અદાવતમાં ગઈકાલે જ્યારે શૈલેષભાઈ ખારવા અને તેમનો પરિવાર દ્વારકા પ્રવાસે જવા નીકળ્યા હતા, ત્યારે પથ્થ